**જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના**
**(માર્જીન મની યોજના)**

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : એસએઆઇ/૨૦૦૮/૪૩૮/ખ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: /૦૯/૨૦૧૫

7 SEP 2015

**વંચાણે લીધા :**

૧ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા: ૨/૬/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક:એસએઆઇ/૨૦૦૮/૪૩૮/ખ૧

૨ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા:૮/૭/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: એસએઆઈ/૨૦૦૮/૪૫૭/ખ૧

૩ સામાન્ય વહીવટ વિભાગનો તા. ૬/૭/૨૦૧૦ ના પત્ર ક્રમાંક : વહસ/૧૦૨૦૧૫/ ૮૭૦(૩) / વસુતાપ્ર–૨

**આમુખ :**

સરકારશ્રીની જ્યોતિગ્રામ યોજના અંતર્ગત રાજ્યના ગામોને ૩ ફેઝ વીજ પુરવઠો ૨૪ કલાક માટે પૂરો પાડવામાં આવે છે જેને પરિણામે ગ્રામીણ લોકોને પોતાના જ ગામમાં રહીને લઘુ ઉદ્યોગો, કુટિર ઉદ્યોગો અને ગ્રામીણ ઉદ્યોગો સ્થાપી આજીવિકા મેળવવાની નવી તકો મળેલ છે. સંદર્ભ (૧)ના ઠરાવથી ગ્રામીણ વસ્તીમાં આવક અને ઉદ્યોગ સાહસિકતાનું સ્તર ઊંચુ ``આવે અને ગ્રામીણ બેરોજગાર યુવાનો માટે રોજગારના વધુ ને વધુ નવા માર્ગો નિર્માણ પામે તે માટે જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના (માર્જીન મની યોજના) અમલમાં મૂકવામાં આવેલ છે. સંદર્ભ (૨)ના ઠરાવથી સદર યોજનામાં ધિરાણ મર્યાદામાં ટાસ્ક ફોર્સ કમિટિ દ્વારા મંજૂર અરજીઓની બેંકમાં ભલામણ અને લાભાર્થીઓને ફરજિયાત ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ (ઈ.ડી.પી) તાલીમ આપવા બાબતે સુધારો કરવામાં આવેલ છે. તથા સંદર્ભ (૩)ના પત્રથી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એક જ વિષયને સ્પર્શતા એક કરતાં વધુ પરિપત્રો/ઠરાવો પ્રસિધ્ધ થયા હોય તો તેના સ્થાને એક સંકલિત ઠરાવ/પરિપત્ર પ્રસિધ્ધ કરવાનો થાય છે જે અંતર્ગત યોજનાનો સંકલિત ઠરાવ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના (માર્જીન મની યોજના) નો અમલ નીચે મુજબ કરવા આથી ઠરાવવામાં આવે છે. યોજનાનો ઢાંચો તથા શરતો નીચે મુજબ રહેશે.

**યોજના :**

**૧.** આ યોજનાનો લાભ મેળવવા કોણ પાત્ર બનશે ?

આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં સ્થાપવામાં આવેલી તમામ નવી ગ્રામોદ્યોગ પરિયોજનાઓને લાગુ પડશે. હાલના એકમોમાં કરવામાં આવેલા કોઈપણ પ્રકારના વિસ્તરણ કે નવીનીકરણના કિસ્સામાં આ સુવિધાનો લાભ મળવાપાત્ર બનશે નહી.

**૨. ગ્રામોદ્યોગ**

આ યોજના માટે "ગ્રામોદ્યોગ" એટલે એવો ઉદ્યોગ જે ગ્રામીણ વિસ્તારમાં સ્થપાયેલ હોય અને જે વીજળીનો ઉપયોગ કરીને ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતો હોય અને જેમાં કોઈ પ્લાન્ટ કે મશીનરી માટે કોઈ કારીગર કે કામદારનું માથાદીઠ નિયત રોકાણ રૂ.૧,૦૦,૦૦૦ થી વધુ ન હોય. દા.ત. રૂ.૫.૦૦ લાખના પ્લાન્ટ અને મશીનરીના રોકાણ ઉપર ઓછામાં ઓછ પાંચ કે તેથી વધુ કામદારો કામ કરતા હોવા જોઈએ.

**૩. ગ્રામીણ વિસ્તાર**

"ગ્રામીણ વિસ્તાર" એટલે –

(૧) વસ્તીને ધ્યાનમાં લીધા વિના, રાજ્યના મહેસૂલી દફતર મુજબ " ગામ" તરીકે વર્ગીકૃત કરવામાં આવેલો કોઈપણ વિસ્તાર.

(૨) તેમાં, જેની વસ્તી ૨૦,૦૦૦ થી વધુ ન હોય (છેલ્લી વસ્તી ગણતરી મુજબ) એવા "નગર" તરીકે વર્ગીકૃત થયેલ વિસ્તારનો પણ સમાવેશ થાય છે.

**૪. યોજનાનો લાભ મેળવવાને પાત્ર પ્રવૃત્તિઓ**

ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગ દ્વારા નીચે ઉલ્લેખ કરેલ નેગેટીવ તથા વખતોવખત પરિપત્રિત કરવામાં આવેલાં "નેગેટીવ લીસ્ટ" માં જેનો ઉલ્લેખ કરવામાં ન આવ્યો હોય તેવી તમામ પ્રવૃતિઓ આ યોજના હેઠળ નાણા સહાય મેળવવાને પાત્ર બને છે. પ્રોજેક્ટ પ્રવૃતિ માટે પ્લાન અને મશીનરીનું રોકાણ ઓછામાં ઓછુ રૂ.૧.૦૦ લાખ હોવું જોઇશે.

**૫. "પ્રતિબંધિત વ્યવસાય"**

"પ્રતિબંધિત વ્યવસાય" (નકારાત્મક યાદી) (એટલે કે ગ્રામીણ રોજગાર બાંયધરી પરિયોજના હેઠળ સીમાંત નાણાં સહાય મેળવવાને પાત્ર ન હોય એવી પ્રવૃતિઓ) નીચે મુજબ છે.

**(ક)** માંસ (પ્રક્રિયા કરવી, ડબ્બામાં ભરવું અને /અથવા વેચવું કે પીરસવું) અને નશાકારક ચીજવસ્તુઓ (ઉત્પાદન / મેન્યુફેકચર /વેચાણ)

**(ખ)** પાકો / વાવેતરની ખેતી, મત્સ્યપાલન, ડુકકર ઉછેર કેન્દ્ર વગેરે

**(ગ)** પર્યાવરણ સંબંધી સમસ્યાઓ ઉભી કરે તેવી અથવા કાયદા દ્વારા પ્રતિબંધિત કોઈપણ પરિયોજના

**૬. પરિયોજનાની ટોચ –મર્યાદા**

- વ્યક્તિઓ/ સ્વ–સહાય જૂથો માટેની ટોચ – મર્યાદા રૂ. ૨૫.૦૦ લાખની છે.
- આ યોજના હેતુ માટે પરિયોજના ખર્ચમાં પ્લાન્ટ ખર્ચ યંત્ર સામગ્રી ખર્ચ અને આ બન્ને ખર્ચના વધુમાં વધુ ૧૦ ટકા જેટલી કાર્યકારી મૂડીનો સમાવેશ થાય છે. પરિયોજના ખર્ચમાં જમીનની તથા મકાન બાંધકામની કિમતનો સમાવેશ થશે નહીં.

**૭. નાણાં–સહાય મેળવવા માટે પાત્ર વ્યક્તિઓ / એજન્સીઓ**

**અ** વ્યક્તિગત કારીગરો / ઉધોગ સાહસિકો જે ૨૫ થી ૫૦ વર્ષની ઉંમર ધરાવતા હોય, ૧૦મું ધોરણ પાસ હોય અને જે ઘરે રહીને સુચિત પરિયોજનામાં કામ કરતા હોય અથવા કોઈ ફેકટરી/યુનિટમાં હાલમાં કામ કરતા હોય અથવા સૂચિત પરિયોજનાની પ્રવૃતિ માટે જેમણે કોઈ માન્ય સંસ્થામાંથી તાલીમ મેળવી હોય.

**બ** સૂચિત પરિયોજનાની ચીજવસ્તુઓના ઉત્પાદનમાં રોકાયેલા હોય અને બેંક દ્વારા ગ્રેડ–૨ સ્વ–સહાય જૂથો.

**નોંધ :** ભાગીદારી પેઢીઓ, પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ, સંયુક્ત સાહસો, સંયુક્ત રીતે નાણાં કરજે લેનાર કો–ઓબ્લીગેટર્સ અથવા હિન્દુ સંયુક્ત કુટુંબ આ યોજના હેઠળ નાણાં કરજે લેવા માટે પાત્ર બનશે નહી.

**૮. બેંકો**

**ક** તમામ રાષ્ટ્રીયકૃત બેંકો અને અનુસૂચિત જાહેર ક્ષેત્રની બેંકો.

**ખ** તમામ પ્રાદેશિક ગ્રામીણ બેંકો.

**ગ** રાજ્ય સરકાર દ્વારા આ હેતુ માટે મંજૂર કરવામાં અને સૂચિમાં દાખલ કરવામાં આવેલી(લીસ્ટેડ) સરકારી બેંકો.

**ઘ** આરબીઆઈ દ્વારા મંજૂર કરવામાં આવેલી અને રાજ્ય સરકાર દ્વારા આ હેતુ માટે મંજૂર કરેલ અને સૂચિમાં દાખલ કરેલ અન્ય નાણા સંસ્થાઓ.

## ૯. અમલીકરણ

આ યોજના હેઠળ અરજદારોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં નિયત ફોર્મમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને અરજી રજૂ કરવાની રહેશે. કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા ખાતાના બોર્ડ/નિગમ સાથે સંકળાયેલા લાભાર્થીઓની અરજીઓ મેળવી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને રજૂ કરી શકાશે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને બોર્ડ/નિગમના વર્ગ-૨ થી ઉતરતા નહી તેવા આ કામગીરી સોંપી હોય તે અધિકારીઓએ અરજીની મંજૂરી અગાઉ સ્થળની મુલાકાત લઈ ચેકલીસ્ટ ભરી કચેરીના વડાની મંજુરી મેળવી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રીને રજુ કરવાની રહેશે. જનરલ મેનેજરશ્રીએ જરૂર જણાય તેવી સ્થળ તપાસ સહિતની ખરાઈ કરી આ યોજના હેઠળ મંજૂર કરવાપાત્ર થતી અરજીઓની બેંકને ભલામણ કરવાની રહેશે.

## ૧૦. તપાસણી

અરજીની ચકાસણી સમયે મંજૂરી બાદ પ્લાન-મશીનરીના ઈન્સ્ટોલેશન વખતે ઉત્પાદન શરૂ થવાના સમયે તથા દર ત્રણ માસે ઓછામાં ઓછા એક વાર આ યુનિટની જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અધિકારીએ મુલાકાત લઈ નિયત ચેકલીસ્ટ્સમાં અહેવાલ જનરલ મેનેજર તથા તેની નકલ વડી કચેરીને રજૂ કરવાની રહેશે. મંજૂર કરેલ યુનિટની જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ છ માસમાં ઓછામાં ઓછી એક વખત તપાસણી કરવાની રહેશે.

## ૧૧. માર્જીન મની

- રૂ.૧૦.૦૦ લાખ સુધીની પરિયોજના માટે પરિયોજના ખર્ચના ૨૫ ટકા રાજ્ય સરકાર માર્જીન મની તરીકે પૂરાં પાડશે. રૂ.૧૦.૦૦ લાખ થી રૂ.૨૫.૦૦ લાખ સુધીની પરિયોજના માટે, રૂ.૧૦.૦૦ લાખના પરિયોજના ખર્ચના ૨૫ ટકા વત્તા બાકીના પરિયોજના ખર્ચના ૧૦ ટકા લેખે માર્જીન મની પૂરાં પાડવામાં આવશે.
- અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ, સ્ત્રીઓ, ૪૦ % થી વધુ શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓ, માજી સૈનિકો જેવા લાભાર્થીઓ માટે માર્જીન મની અનુદાન રૂ.૧૦.૦૦ લાખ સુધીની પરિયોજના ખર્ચના ૩૦ ટકા રહેશે. રૂ. ૧૦.૦૦ લાખથી રૂ. ૨૫.૦૦ લાખ સુધી અન્ય લાભાર્થીઓની જેમ પરિયોજના ખર્ચના ૧૦ ટકા લેખે માર્જીન મની મળવાપાત્ર રહેશે.

## ૧૨. નાણાં કરજે લેનારનો ફાળો

- આ યોજના હેઠળ, નાણાં કરજે લેનારે પરિયોજના ખર્ચના ઓછામાં ઓછા ૧૦ ટકા લેખે પોતાના યોગાદાનરૂપે રોકાણ કરવાનું રહેશે.
- અનુ.જાતિઓ, અનુ.જનજાતિ, સ્ત્રીઓ, ૪૦ % થી વધુ શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓ અને સૈનિકો જેવા લાભાર્થીઓએ પોતાના તરફથી ઓછામાં ઓછા ૫ ટકા રોકાણ કરવાનું રહેશે.
- નાણાં લેનારને પોતાના તરફથી પરિયોજના ખર્ચના વધુ ૨૦ ટકા સુધી રોકાણ કરવા દેવામાં આવશે.

## ૧૩. માર્જીન મનીની ચૂકવણી

બેંકની શાખા તરફથી મંજૂર કરેલ ધિરાણની પૂરે પૂરી રકમની ચૂકવણી કરવામાં આવ્યા બાદ બેંક તરફથી માર્જીન મની કલેઈમ મળ્યેથી ચૂકવવા પાત્ર માર્જીન મનીની રકમ બે વર્ષ સુધી કરજદારના નામે કરજદારના ખાતામાં સરકારશ્રીની અનામત થાપણ તરીકે રાખવાની રહેશે. બે વર્ષ બાદ જે તે યુનીટ સફળતાપૂર્વક ચાલુ હોવા અંગે જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ખરાઈ કરી બેંકને પ્રમાણપત્ર આપવાનું રહેશે. ત્યારબાદ બેંક માર્જીન મનીની રકમ કરજદારના ખાતામાં જમા લઈ શકશે અન્યથા માર્જીન મનીની રકમ બેંકએ સરકારશ્રીમાં પરત જમા કરવાની રહેશે. માર્જીન મની બેંકમાં જમા થયેથી કરજદારની તેટલી રકમ પુરતી લોનની વ્યાજકીય જવાબદારીમાંથી મુક્તિ મળશે.

**૧૪. સાધન ખર્ચની ચુકવણી**

પ્રોજેકટ માટે જરૂરી સાધન ખર્ચની ચૂકવણી મંજૂર કરેલ લોનમાંથી બેંક મારફત જે તે સાધન પૂરા પાડનાર પાર્ટીને ચેકથી કરવાની રહેશે. બેંક દ્વારા રજુ કરાતા માર્જીન મની કલેઇમમાં જે તે ચુકવણુ કરાયેલ પાર્ટી સાધન ચેક નંબરની વિગતો આપવાની રહેશે. અરજદારને વર્કીંગ કેપીટલ સિવાય કોઇ રકમની બેંક/નાણાકીય સંસ્થા દ્વારા ચુકવણી કરાશે નહી. વર્કીંગ કેપીટલ વધુમાં વધુમાં પ્લાન્ટ અને મશીનરી ખર્ચ (બેંક લોન) ના ૧૦ ટકા જેટલી રહેશે.

**૧૫. પરિયોજનાની ટોચ મર્યાદા**

આ યોજનામાં પરિયોજનાની ટોચ મર્યાદા રૂ. ૧. લાખથી વધુ અને રૂ.૨૫ લાખ સુધી રહેશે.

**૧૬. ટાસ્ક ફોર્સ કમિટી**

આ યોજના હેઠળ મેળવવામાં આવતી અરજીઓ વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP) હેઠળ ગઠિત ટાસ્ક ફોર્સ કમિટીમાં મુકી કમિટી દ્વારા મંજુર કરેલ અરજીઓ જ બેન્કેને ભલામણ કરવાની રહેશે.

**૧૭. ઈડીપી તાલીમ**

આ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ પ્રોજેકટના લાભાર્થીએ વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP) મુજબ પ્રતિષ્ઠિત સંસ્થામાં બે થી ત્રણ અઠવાડીયાની ઈડીપી તાલીમ બેન્ક લોનનો પ્રથમ હપ્તો ચુકવ્યા પહેલાં ફરજીયાત લેવાની રહેશે. તાલીમ આપવા અંગેની તમામ વ્યવસ્થા જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કરવાની રહેશે.

**૧૮. તાલીમ કેન્દ્રોને ઈડીપીના ખર્ચ માટેનું બજેટ**

બે થી ત્રણ અઠવાડીયાના સમયગાળા માટે અભ્યાસક્રમ સામગ્રી, અતિથિ વ્યાખ્યાતાઓને માનદ વેતન, રહેવા જમવાના ખર્ચ વગેરે પેટે તાલીમાર્થી દીઠ રૂ. ૨૫૦૦ થી રૂ. ૪૦૦૦ સુધીની રકમ આ યોજના હેઠળ મળવાપાત્ર છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર આ હેતુ માટે પસંદ કરવામાં આવેલ તાલીમ કેન્દ્ર/સંસ્થાઓને પુન: ભરપાઈ કરી આપશે અને તે માટેની કાર્યપદ્ધતિ કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી નક્કી કરી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોને પરિપત્ર કરશે.

**શરતો**

૧. લોનની પરત ચૂકવણી લોન ચૂકવનાર બેંકની શરતો મુજબ મહત્તમ ૬ (છ) વર્ષમાં ભરપાઈ કરવાની રહેશે.

૨. દર બે વર્ષે આ સ્કીમનો રીવ્યુ કરવાનો રહેશે.

૩. આ યોજનાનો ખર્ચ નીચે મુજબ દર્શાવેલ બજેટ સદરે કરવાનો રહેશે.

**બજેટ સદરો**

**(૧) જનરલ પ્લાન**

મા.નં. ૪૯ (પ્લાન)
૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો,
૮૦૦-અન્ય ખર્ચ,
(૦૨)આઈએનડી. ૩૩ રાષ્ટ્રીયકૃત બેંકો મારફત વ્યક્તિગત કારીગરોને સહાયીત નાણાંકીય સહાય.
(ક) સહાયકી, (ગ)અન્યને.
કો.કો.નં. ૨૮૫૧૦૦૮૦૦૦૨

**(૨) કોમ્પો. પ્લાન**

મા.નં. ૪૯ (પ્લાન)
૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો,
૮૦૦-અન્ય ખર્ચ,

(૦૧)આઈએનડી. ૩૩ અનુ.જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના, રાષ્ટ્રીયકૃત બેંકો મારફત વ્યક્તિગત કારીગરોને સહાયીત નાણાંકીય સહાય.
(ક) સહાયકી, (ગ)અન્યને.
કો.કો.નં. ૨૮૫૧૦૦૮૦૦૦૭

**(૩) ટ્રાયબલ પ્લાન**

મા.નં. ૯૬ (પ્લાન)
૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો,
૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના,
(૦૭)આઈએનડી. ૩૩ આદિજાતિ વિસ્તારોમાં વ્યક્તિગત કારીગરોને રાષ્ટ્રીયકૃત બેંકો મારફત સહાયીત નાણાંકીય સહાય.
(ક) સહાયકી, (ગ)અન્યને.
કો.કો.નં. ૨૮૫૧૦૦૭૯૬૦૭

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર વિભાગના સચિવશ્રી(કુ.ઉ.)ની તા.૨૪/૦૮/૨૦૧૫ ની નોંધથી મળેલ સંમતિ અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.બી.મુનિ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,
૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજયપાલ ભવન, ગાંધીનગર. (પત્રથી)
૨. માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. મંત્રીશ્રી (કુ.ઉ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૪. માન. રા.ક.મંત્રીશ્રી (કુ.ઉ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૫. અધિક મુખ્ય સચિવશ્રી (ઉ.ખા.)ના અંગત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. સચિવશ્રી(કુ.ઉ.) ના અંગત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
૮. ઉદ્યોગ કમિશનરશ્રી, ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
૯. રજીસ્ટારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૦. તમામ જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, (કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરી મારફત)
૧૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ – અમદાવાદ.
૧૨. નિયામકશ્રી હિસાબી અને તિજોરી ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૧૩. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તમામ (કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરી મારફત)
૧૪. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૫. જનરલ મેનેજરશ્રી, રાષ્ટ્રીય ખેતી અને ગ્રામિણ વિકાસ બેંક (નાબાર્ડ), નાબાર્ડ ટાવર, અમદાવાદ.
૧૬. કન્વીનરશ્રી, સ્ટેટ લેવલ બેન્કર્સ કમીટી, દેના બેંક લી. સહકાર ભવન, રીલીફ રોડ, અમદાવાદ.
૧૭. જનરલ મેનેજરશ્રી ગુજરાત રાજ્ય સહકારી બેંક, આશ્રમ રોડ, અમદાવાદ.
૧૮. તમામ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક,(કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરી મારફત)
૧૯. સામાન્ય વહીવટ વિભાગ(આયોજન પ્રભાગ) સચિવાલય, ગાંધીનગર.
૨૦. કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર.
૨૧. નાણા શાખા અને બજેટ શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૨. ઈન્ચાર્જશ્રી, કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ.(વેબસાઈટ ઉપર મુકવા માટે)
૨૩. સીલેક્ટ ફાઈલ